





પ્રચારની પદ્ધતિમાં, 'વિરોધ' સાફ થઇ જશે!
ઢીલ-તપાસ બહાને, 'કાળુંનાણું' સાફ થઇ જશે!
ને સાફ થઇ જશે 'તિરંગો' કેસરીયા સાબૂથી -
ધજાગરે ધોવાઇ ગાંધી-વાદ સાફ થઇ જશે...
(સફાઇ ઝૂંબેશ શરૂ)




આખી મસ્જિદ!
- લૈ જાવ ને! ઇમામ!
પાકિસ્તાનમાં..
(દરિયામાં રહેવું ને..)

જુમા ની'માં'નો
હિંદુસ્તાનમાં રહી -
તકિયો ધાર..
(કચ્છી કહેવત)

## ચિંતન

**અર્થ ગ્રહણે ન તથા વ્યથ યતિ કટુ કૂજિતૈર્યથા પિશુનઃ ।**
**રૂધિરા દાન દધિક દુનોતિ કર્ણે કણન્મશકઃ ॥**

'જેમ મચ્છર દંશ મારીને લોહી ચૂસી લે છે તેની શરીરને - આપણને એટલી પીડા થતી નથી. એટલે કે ખાસ ખબર પણ પડતી નથી પરંતુ એ જ મચ્છર જયારે કાન પાસે આવીને ગણગણાટ કરી જાય છે ત્યારે આપણને વધારે કષ્ટદાયક જણાય છે.

એવી જ રીતે દુષ્ટ દુર્જન આપણી સાથે છેતરપીંડી કરી જે રીતે ધનનું હરણ કરી જાય ત્યારે એટલું દુઃખ નથી થતું - જેટલું એની સાથેના વર્તનથી - એના કડવાં ઝેર જેવાં વચનો સાંભળીને થાય છે.'

દુર્જનનો સંગ દુઃખદાયી છે,

એવા લોકો વાણીથી મીઠા અને વર્તને દંભી હોય છે પણ જયારે એમને તક અને સમય મળે ત્યારે બધા જ સંબંધ ભૂલી આપણને જાણે ઓળખતા જ ન હોય એમ ઘાત કરી આઘાત આપે છે.

અહીં દુર્જનનું આ વર્તન મચ્છરનાં દૃષ્ટાંત દ્વારા સુંદર રીતે સમજાવવામાં આવ્યું છે.

## સુવિચાર

- તમે જે કાંઇ બોલો તે તમે જ સાંભળતા થઇ જાવ તો ઘણું બધું મિથ્યા બોલતા અટકી જશો.. તથ્ય બની ને સાંભળો — **- એસ. ભટ્ટાચાર્ય**
- સાચા સત્યના મુકાબલામાં કે અન્યના સત્યની સામે તમો જે ને માની બેઠા છો તે સત્ય ટકી શકે તેમ છે કે નહીં? તેનો પ્રથમ વિચાર જો કરશો તો તમે તમારો હઠાગ્રહ છોડી દેશો — **- સત્યસૂત્ર**
- બીજાના કરતાં માનવીનો ઝઘડો ખુદ પોતાની જાત સાથે પોતાના સ્વભાવની સાથે હોય છે — **- ઝેન કથન**
- અધ્યાત્મનું ઊંડું અધ્યયન કરવાની જેને તીવ્ર ઇચ્છા છે તેવી વ્યક્તિ નામસ્મરણ કે માળા જપ્યા વગર જ સુખ નામના પ્રદેશમાં સહજપણે પ્રવેશ પામે છે — **- અનુભવાનંદજી**
- અપની ખુદી કો જો સમજા... વો સમજા અપને ખુદા કો... — **- જોહર કાનપૂરી**
- પોતાના અહંનું અને આડંબરનું પ્રદર્શન કરવાની જેમને ટેવ પડી ગઇ હોય છે.. તેવા દંભી લોકો જીવવાનું ભૂલી જાય છે — **- ફાધર વાલેસ**
- ઇશ્વરની સજા આપવાની રીત સામાન્ય માણસને સમજાતી નથી... ધનપતિઓને તે વ્યથા પણ અઢળક આપે છે — **- રમણ મહર્ષિ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંસારના સમાજ વ્યવહારમાં, પરિવારમાં, સામુહિક જૂથો-પ્રવાસ વગેરેમાં આપણે આપણો જ વિચાર સૌ પ્રથમ કરીએ, પોતાની અનુકૂળ જગ્યા - સ્થાન-ખાવાપીવામાં ઝડપી-સારું-પહેલાં મળી જાય એવી પેરવી. બીજાની સગવડ કે તકલીફનો જરા પણ વિચાર ન કરવો એ 'સ્વાર્થી સ્વભાવ' છે. અન્યોને કેમ ઓછી તકલીફ થાય એ પ્રથમ વિચારવું જોઇએ.

પંડિત રવિશંકર મહારાજ સદાય પ્રવાસી હતા જયાં પણ જાય રાત્રે દસ વાગે સૂઇ જાય અને ત્રણ વાગે ઊઠી ગીતા પાઠ કરે ત્યારે ફાનસ-દીવા-લાઇટની વ્યવસ્થા કરી-કરાવી રાખે.

એકવાર નાના પરિવારમાં રોકાવાનું થયું. સવારે ત્રણ વાગે ફાનસના પ્રકાશમાં પાઠ કરતાં હતા. ત્યાં ખલેલથી ધીમે ધીમે આખો પરિવાર જાગી ગયો.

મહારાજ સમજી ગયા. ગીતાપાઠનો નિયમ ખલેલ રૂપ થયો. પછી એમણે સંપૂર્ણ ગીતાજી મુખપાઠ કરી લીધી. અને જયાં પણ જાય ત્યાં અંધારામાં જ ઉઠી પથારીમાં બેસી. ત્રણ વાગે ગીતાપાઠ કરી લેતા!

બીજાની તકલીફ - અગવડનો વિચાર એ આનું નામ.

Email - sureshchandrabhatt18@gmail.com

# મનની ધાર કાઢવી પણ જરૂરી છે

● આજની આ દોડભાગભરી જિંદગીમાં ઓછા સમયમાં વધારે કામ કરવું હોય, કોઇ પણ જાતના તનાવ અન રઘવાટ વગર શાંતિપૂર્ણ કામ કરવું હોય તો સ્ટીફન કોવીએ તેના પુસ્તક 'સેવન હેબીટ્સ ઓફ હાઇલી ઇફેક્ટીવ પીપલ' એ પુસ્તકમાં તેમાં તેને સાતમી ટેવનો સુંદર ઉલ્લેખ કર્યો છે. તે લખાણ મૂજબ તેને સૂચન કર્યું છે તે જીવનવ્યવહારની ચાર વાતો પર ધ્યાન આપવું જરૂરી છે.

૧. શારીરીક - એટલે કે સમતોલ આહારવિહાર, વ્યાયામ વગેરે.

૨. સામાજિક - એટલે કે લોકો સંબંધી - તેમની સાથેના વ્યવહાર.

૩. માનસિક - એટલે કે લખવું, વાંચવું, ચિંતન ઇત્યાદિ માનવી જે મનથી બધી પ્રક્રિયાઓ કરે છે અને ચોથી વાત.

૪. આધ્યાત્મિક - એટલે કે જીવનના બારામાં સ્પષ્ટ સમજણ કેળવવી, ધ્યાન ઇત્યાદિ.

જીવન વ્યવહારને આમ ચાર વિભાગમાં વિભાજિત કરી તેને આધ્યાત્મિક વિચારધારાને વધુ પ્રાધાન્ય આપ્યું છે. તેના સંદર્ભમાં એક કઠિયારાનો પ્રસંગ વિચારવા જેવો છે.

એક કઠિયારો લાકડાં કાપતો હતો. લાકડાં કાપતાં કાપતાં તે ખૂબ થાકી ગયો. તેની કુહાડીની ધાર પર બુઠ્ઠી થઇ ગઇ હતી. તે જોઇ ત્યાંથી પસાર થતા એક શાણા રાહદારીએ કહ્યું, "ભાઇ, તું બહુ થાકી ગયો છે. થોડો વિશ્રામ કરી લે. વળી તારી કુહાડીની ધાર પર બુઠ્ઠી થઇ ગઇ લાગે છે. તેને તું તેજ કરી લે. પછી તું વધારે લાકડાં કાપી શકીશ."

"તારી વાત સાચી છે ભાઇ. પણ જુઓને આ લાકડાનો કેટલો મોટો ઢગલો પડ્યો છે? આરામ કરું અને ધાર કાઢવા બેસું તો આ બધાં લાકડાં કયારે ફાડી શકું?" એમ કહીને તેની બુઠ્ઠી થયેલી કુહાડીથી તે લાકડાં કાપતો રહ્યો. પરંતુ ધાર કાઢવાનો તેની પાસે સમય નહોતો.

મોટા ભાગના મનુષ્યો આ કઠિયારા જેવા જ છે. બુઠ્ઠી ધારથી લાકડાં કપાતાં નથી તોયે તે કાપતા જ જાય છે.

માનવીનું મન સતત કાર્યરત રહેતું હોવાથી તે શ્રમિત થઇ જાય છે. અને શ્રમિત થયેલા મનની ધાર કાઢવા માટે પ્રાર્થના, ધ્યાન ઇત્યાદિ માટે દસ મિનિટનો સમય પણ તેની પાસે નથી. સતત પ્રવૃત્તિ અને દોડધામમાં અને કામમાં ભારે બોજા હેઠળ તેમના મનની ધાર એવી તો બૂઠ્ઠી થઇ જાય છે કે પછી લાકડું તો શું છોડિયું પણ કાપી શકાતું નથી. તનાવ, ચિંતા, બ્લડપ્રેશર, નર્વસ બ્રેકડાઉન આવે તે પહેલાં મનની ધાર કાઢવા માટે સમય ફાળવવો અત્યંત જરૂરી છે અને આવા થાકેલા મનને પુષ્ટ કરવા લોકો ટી.વી., સિનેમા ઇત્યાદિ જેને તેઓ મનોરંજન કરે છે તે આશરો લે છે. જેને લોકો રીક્રીએશન કહે છે. પરંતુ હકીકતમાં એ બધી ભોગપ્રાધાન્ય વાતોનો આશરો લઇ માનવીના મનનું રંજન ક્ષણભર માટે થતું લાગે છે. પરંતુ તે પછી તેનો પણ તેને થાક લાગતો હોય છે. તે તેના ધ્યાનમાં આવતું નથી. તેથી તે લોકો મનોરંજન ઇત્યાદિનો આશરો લે પણ તે બધી ભૌતિક વાતોથી મનની ધાર નીકળતી નથી.

મનની ધાર કાઢવા માટે તો હરિનામ સંકીર્તન, પ્રાર્થના, ધ્યાન ઇત્યાદિ સાધનો છે. મનની ધાર કાઢવામાં આ સમોઘ સાધનો છે. એના માટે થોડો સમય બગડ્યો નથી. મનની ધાર સતેજ થાય છે. ઓછા સમયમાં ખૂબ ઝડપથી કાર્યો થાય છે. મન, તનાવ રહિત શાંત રહે છે. કાશ! આધુનિક માણસ આ સૂત્રને કાર્યાન્વિત કરે.

# કારણો આપ્યા સિવાયનો હુકમ નિરર્થક છે : ગુજરાત હાઈકોર્ટ

નામદારગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ફેરતપાસ સત્તા સમક્ષ જયારે પણ પક્ષકારો દ્વારા કોઈ રજુઆતો કરવામાં આવે ત્યારે તેને માત્ર નોંધી લેવું જરૂરી નથી હોતું પરંતુ ફેરતપાસ સત્તા દ્વારા તે રજુઆતોને અંતે કાયદાના અનુસંધાનમાં અને તેના ગુણદોષ ઉપર છણાવટ કરવી જોઈએ તેમજ આવી રજુઆતો ઉપર ચોક્કસ તારણ આપવું જોઈએ કોઈપણ જાતના કારણ આપ્યા વિનાનો હુકમ નોન સ્પીકીંગ હુકમ કાયદેસરનો ગણાય નહી તેવું ડોલ્ફીન ડેવલોપર્સના કેસના ચુકાદામાં ઠરાવ્યું છે.

વધુમાં નામદાર કોર્ટે એવા તારણ પર આવેલ કે ફેરતપાસ સત્તા સમક્ષ જયારે પણ પક્ષકારો દ્વારા કોઈ પણ રજુઆતો કરવામાં આવે ત્યારે તેને માત્ર નોંધી લેવું જ જરૂરી નથી હોતું પરંતુ તે રજુઆતો અંગે કાયદાના અનુસંધાનમાં અને તેના ગુણદોષ પર છણાવટ કરવી જોઈએ તેમજ આવી રજુઆતો ઉપર ચોક્કસ તારણ આપવું જોઈએ નીચલી કોર્ટે આવી રજુઆતો ધ્યાનમાં લીધી ના હોય કે છણાવટ કરી ના હોય તો તેમજ રજુઆત ઉપર ચોક્કસ તારણો આપેલ ના હોય તો આવો હુકમ નોન સ્પીકીંગ હુકમ ગણાય અને કાયદેસરનો ગણાય નહીં.

**વાત કાનૂન કાયદાની...**

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



આવા સંજોગોમાં નીચલી કોર્ટે કરેલ હુકમ અને ફેરતપાસ સત્તા દ્વારા તેને અપાયેલી બહાલી ચલાવી શકાય નહી અને તે રદ થવા અને સેટઅ સાઈડ થવા પાત્ર છે અને સદર નીચલી કોર્ટના ચુકાદાને ફરીથી નવેસરથી હુકમ કરવા નીચલી કોર્ટને મોકલી આપેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત હક્કિતો અને કારણો ધ્યાનમાં લઈ પક્ષકારો પૈકીની કોઈની પણ તરફેણમાં ગુણદોષ ઉપર મંતવ્ય આપ્યા વિના ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન વડોદરાના મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨ અ હેઠળ અપાયેલા ચુકાદાને ફેરતપાસ સત્તા દ્વારા બહાલી આપવામાં આવતા પક્ષકારો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીડીશન દાખલ કરી કાયદાના અનુસંધાનમાં અને તેના પોતાના ગુણદોષ ઉપર નવેસરથી હુકમ આપવા માટે સદર ફેસને ડેપ્યુટી કલેકટર સ્ટેમ્પ ડયુટી વડોદરાને પરત મોકલવાનો હુકમ કરેલ તેમજ આવી કાર્યવાહી હાલનો ગુજરાત હાઈકોર્ટનો હુકમ મળેથી ત્રણ મહિનામાં પૂરી કરવા અને અરજદારના પ્રતિનિધિને કારણ દર્શક નોટીસના તેમના જવાબમાં પહેલેથી જ કરવામાં આવેલી રજુઆતો સંબંધમાં મૌખીક રજુઆતો કરવાની તક આપવાનું ફરમાવેલ અને અરજદારને તે મુબજ વર્તવાની સૂચના પણ આપવામાં આવેલી આમ અરજદારની અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટે મંજુર રાખેલ.

સદર ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે ફેરતપાસ સત્તા સમક્ષ જયારે પણ પક્ષકારો દ્વારા કોઈ રજુઆતો કરવામાં આવે ત્યારે તેને માત્ર નોંધી લેવું જ જરૂરી નથી હોતું પરંતુ તપાસ સત્તા દ્વારા તે રજુઆતો અંગે કાયદાના અનુસંધાનમાં અને તેના ગુણદોષ ઉપર ચોક્કસ તારણ આપવું જોઈએ આમ કોઈપણ જાતના કારણ આપ્યા વિનાના નોન સ્પીકીંગ હુકમ એ કાયદેસરનો ગણાય નહી તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે જણાવી કેસ પુનઃ ચલાવી કાયદેસર નિર્ણય કરવા નીચલી કોર્ટને પરત સોંપવાનો હુકમ કરેલ.

# પથરીલો વિસ્તાર હોવાને કારણે અહીં પાણીનો પ્રશ્ન કાયમનો હતો, સરકારે બોરવેલ બનાવ્યા હતા, ને એમાંથી નીકળતું પાણી એક મોટા ટાંકામાં જમા થતું, ગામના દરેક માણસને અડધો કિલોમીટર ચાલીને એ ટાંકામાંથી પાણી લાવવું પડતું

## ગંગાઘાટ માણસાઈની થાપણ

- સુધા મૂર્તિ

કર્ણાટકનું દુષ્કાળપીડિત એક નાનું ગામ. ત્યાં રહે એક ખેતમજૂર, ગંગા એનું નામ. પિસ્તાળીસ વર્ષની ગંગાની ખડકાળ વિસ્તારમાં એક નાની ઝૂંપડી, પણ એને કયારેય તાળું ન લાગતું. ચોરીની બીક તો એને હોય, જયાં કોઇ ચોરવાલાયક હોય... સવારે ઊઠવું, ખેતરે કામ પર જવું, રોજી મળવી, ઘરે પાછાં ફરવું, પાણી ભરવું, નાહવું, જમવું ને સૂઇ જવું, આ એની રોજિંદી ઘટમાળ... એક સોમવાર સિવાય એનું જીવન આમ જ એકધારું ચાલ્યા કરતું.

સામાન્ય રીતે દર સોમવારે ગામમાં બધું બંધ રહેતું. સોમવાર ભગવાન શિવનો દિવસ અને નંદી એમનું વાહન, એટલે એ દિવસે બળદોને આરામ અપાતો, ને સાથે આરામ મળતો આ ગંગા જેવાઓને પણ... અહીં તો 'પાડાંને વાંકે પખાલીને ડામ' ને બદલે 'બળદને લીધે લોકોને આરામ' જેવો ઘાટ હતો...!

પથરીલો વિસ્તાર હોવાને કારણે અહીં પાણીનો પ્રશ્ન કાયમનો હતો. સરકારે બોરવેલ બનાવ્યા હતા, ને એમાંથી નીકળતું પાણી એક મોટા ટાંકામાં જમા થતું. ગામના દરેક માણસને અડધો કિલોમીટર ચાલીને એ ટાંકામાંથી પાણી લાવવું પડતું. ગરમીમાં વીજળીકાપને લીધે પાણી માંડ ભેગું થતું ને ત્યાં સુધી પહોંચવાનો માટીરસ્તો તપી જતો. આમ, ઉનાળો ગામ લોકો માટે શાપ બની જતો.

ખેતરમાં કામ ઓછું હોવાથી ગંગાને ખાલી બેસવું પડતું. એક તો એકલી ને માથે આકરા દિ'... જાણે દાઝ્યા પર ડામ જેવા ગંગાના હાલ. એને જીવન સાવ નિરર્થક લાગતું. એ જીવ્યે જતી નિરૂદ્દેશે...

એક બળબળતી બપોરે એ થાકીને લોથપોથ થઇ ઘરે પહોંચી. નાઇ-ધોઇને, રાંધવાનું હજી શરૂ જ કરવામાં હતી ત્યાં ઝૂંપડી સામે એક વૃદ્ધ ભિખારી આવ્યો.

ગંગાએ કહ્યું, 'ભાઇ, હજી મારે રાંધવાનું બાકી છે. આજે મારી પાસે ભાત પણ બહુ થોડા છે. તમે ફરી કયારેક આવજો. હું ત્યારે તમને જરૂર જમાડીશ.'

એ વૃદ્ધે કાંઇ જવાબ ન આપ્યો. ગંગાએ ફરીથી સમજાવ્યા ત્યારે કહે, 'અક્કા, મારે ભાત નથી જોઇતા. શું તમે મને એક બાલદી હૂંફાળું પાણી આપશો? મારા શરીરે બહુ ખંજવાળ આવે છે ને આખી રાત હું સૂઇ શકતો નથી. કોઇએ કહ્યું કે હુંફાળા પાણીનું સ્નાન મને થોડી રાહત આપશે. ઉનાળાની ધૂળ આ ઉંમરે મને બહુ નડે છે.'

ગંગા માટે તો 'દુકાળમાં અધિક માસ' જેવી સ્થિતિ થઇ. 'આ ગામમાં પાણી મેળવવું કાંઇ સહેલું નથી. આવા ધખતા ઉનાળામાં કેટલું ચાલીને માટે જવું પડે છે. તમારા માટે હું આ કામ નહીં કરી શકું.'

'અક્કા, પોતાનું કહી શકું એવું મારે કોઇ નથી. નથી તો મારી પાસે ઠામ-વાસણ કે લાકડાં. હું ભીખ માગીને ગુજરાન ચલાવું છું. તમને તો ભગવાને ઘણું આપ્યું છે - રહેવા ઝૂંપડી, વાપરવા વાસણ, લાકડાં ને પાણી પણ...! છતાં જો તમે મને પાણીની ના પાડશો તો હું મૂંગે મોઢે ચાલ્યો જઇશ.'

જેવો એ જવા લાગ્યો, ગંગાને કોઇ અકળ અહેસાસ થયો. આજ સુધી કોઇએ એને સદ્ધર ગણી નહોતી. કોઇએ એને 'અક્કા' કહીને માનભેર બોલાવી નહોતી. તો પછી કોઇએ એની પાસેથી કાંઇ માંગ્યું તો તો કેમ જ હોય...! એને તો હંમેશા હુકમ સાંભળવાની ટેવ હતી. આજે કોઇ અજબ ને ગમતી લાગણી થઇ આળી. એણે વિચાર બદલીને પેલા વૃદ્ધને અટકાવ્યો, 'ભાઇ, બેસો, હું તમને હુંફાળું પાણી કરી આપું છું.'

એણે પાણી આપ્યું. પેલો ખૂબ રાજી થયો. ઝૂંપડીની પડખે જઇ, સાબુને બદલે પથરો ઘસીને નાહવા લાગ્યો ને એણે પાણી પણ સાવચેતીથી વાપર્યું. નાહીને એણે ફાટેલાં કપડાંની નવી (!) જોડી પહેરી. જતાં-જતાં એ ગંગાને આશીર્દ આપતો ગયો, 'ભગવાન તારું ભલું કરે.'

બીજે દિવસે ગંગા રસોઇ ચડાવતી હતી, ત્યાં ફરી એ ભિખઆરી આવ્યો. એને જોતાં જ ગંગાને કંટાળો ઊપજ્યો. ભિખારીઓની આ જ મુસીબત છે. એક વાર મદદ કરો તો પીછો ન છોડે. જોઇતી વસ્તુ સતત પાછળ પડીનેય કેમ કઢાવવી એ તો એ લોકોને જ આવડે.

આ વખત થોડી ઉદ્ધતાઇ સાથે એણે કહ્યું, 'તું ફરીથી કેમ આવ્યો?'

'અક્કા, ગઇ કાલે રાતે હું ખૂબ સારી રીતે ઊંઘી શક્યો. આજે ફરી મને થોડું હુંફાળું પાણી આપોને.'

ગંગાએ જવાબ ન આપ્યો. દિમાગ 'ના' પાડતું હતું, ને દિલ 'હા'. ગુમાવવાનુંય શું હતું, માત્ર એક બાલદી હૂંફાળું પાણી...? પેલો વૃદ્ધ ધીરજપૂર્વક એના જવાબની રાહ જોતો ઊભો રહ્યો. ગંગાએ વાસણ તરફ નજર કરી. ત્રણ બાલદીઓ ભરેલી હતી. કાંઇ બોલ્યા વગર એણે પાણી તપાવીને પેલાને આપી દીધું. એ નાહ્યો, ગંગાને દુઆ દીધી અને ચાલતો થયો.

એના પછીના દિવસે ગંગાએ એ વૃદ્ધ પાસે પહેલેથી જ એક બાલદી પાણી વધારે ભર્યું. એ આવ્યો પણ ખરો. આ વખતે એ કાંઇ બોલે એ પહેલાં જ ગંગાએ એને હૂંફાળા પાણીની એક બાદલી આપીને કહ્યું, 'હવે ફરીની ન આવતો. હું કાંઇ આ કાયમ નથી કરવાની.'

'અક્કા, એક અઠવાડિયા સુધી જો તમે મને પાણી આપશો, તો હું તમારો ખૂબ આભારી થઇશ. મારી ઉંમર થઇ છે એટલે પાણી તો હું નહીં ભરી શકું, પણ જંગલમાંથી તમારા માટે સૂકાં પાંદડાં લેતો આવીશ. એ તમને રાંધવામાં પણ કામ લાગશે.' એને સ્નાન કર્યું ને જતો રહ્યો.

બીજે દિવસે કહ્યા પ્રમાણે ગંગા માટે એ સૂકા પાંદડાંનો પૂળો બાંધતો આવ્યો. ગંગાને ખબર હતી, એ અઠવાડિયા સુધી આવશે એટલે હવેથી એ રોજ વધારે પાણી ભરી લાવતી. આમ, રોજ સવારે એ ઊઠતી, પણ એક ઉદ્દેશ સાથે... વધુ પાણી લાવવાના... એ થાકતી, પણ એક ખાતરી સાથે કે રોજ કોઇ એની રાહ જોશે, એને આશીર્વાદ આપશે અને આ ખૂબ ઉમદા અનુભૂતિ હતી.

એક અઠવાડિયું પૂરું થયું. એને હતું કે હવે વૃદ્ધ નહીં આવે, પણ પછીના દિવસે એકને બદલે બે માણસો ઝૂંપડી તરફ આવતા દેખાયા. પેલા વૃદ્ધની સાથે આજે એના જેવો જ એક બીજો ભિખારી હતો ને એના શરીરમાં પણ એ જ તકલીફ હતી. ગંગાની નજર સામેથી જાણે એનું આવતું આખું અઠવાડિયું પસાર થઇ ગયું. એ બંને કાંઇ માગે તે પહેલાં જ ગંગાએ કહ્યું, 'આ કોઇ નાહવાનો ઘાટ નથી. જયાં રોજ ઊઠીને નવાં-નવાં લોકો ઊભા રહી જાય ને બધાને હું નાહવાનું પાણી પૂરૂં પાડ્યા કરું.'

બંને ખસ્યા નહીં. ચૂપચાપ ઊભા રહ્યા. પહેલાં વૃદ્ધે આજીજીના સ્વરમાં કહ્યું, 'ભગવાનને ખાતર અને પાણી આપો અક્કા, આ ખરેખર બિમાર છે. તમે ખાલી એક બાલદી પાણી આપશો, તો ય અમે બંને એમાંથી વહેંચી લેશું.'

ગંગા જાણી ગઇ હતી કે પાણી નહીં મળે ત્યાં સુધી આ લોકો જશે નહીં. કચ-કચ કરતાં કરતાં ગંગાએ એમને દોઢ બાલદી પાણી આપ્યું. બંનેએ એનો પાડ માન્યો ને પાણીનું એક ટીપુંય ન બગડે એટલી સાવધાનીપૂર્વક એ વાપર્યું. ગંગાને એક વાર એવી ઇચ્છા થઇ આવી કે લોકોને કહી દે કે, 'હવેથી તમે જ તમારું પાણી લેતા આવજો. હું ગરમ કરી દઇશ.' પણ એમની ઉંમર ને હાલત જોતાં એ એવું કહી ન શકી.

બીજે દિવસે આંબાવાડિયામાંથી કેરી ઉતારતાં એ વિચારવા લાગી કે આજે તો બે માણસો એની ઝૂંપડીએ આવશે. કામની વચ્ચેથી હવે કઇ રીતે પાણી માટે એક વધુ ફેરો કરવો?

એની સાથે કામ કરતી યમુનાએ એને આમ વિચારમગ્ન જોઇને પુછ્યું, 'ગંગા, તું આજે આટલી ચિંતામાં કેમ છે? પાક તો સારો છે, એટલે આપણને કામ પણ મળતું રહેવાનું. મજૂરી પણ વધી ગઇ છે, ને તારે તો ખાસ ખર્ચ છે નહીં. તારે તો ખુશ થવું જોઇએ.'

ગંગાએ એને આખી વાત સમજાવી. યમુનાને હસીને કહ્યું, 'જો તું ખરેખર એ લોકોને પાણી આપવા માંગતી હોય તો મૂંઝાણી શું કામ? હું તને મદદ કરીશ. મારો સૌથી મોટો દીકરો રોજ એની સાઇકલ પર પાણી લઇ આવે છે. હું એને કહીશ કે હવેથી દરરોજ એક ઘડો પાણી એ તારે માટે તારી ઝૂંડપીની બહાર મૂકતો જશે.'

ને આમ ગંગાની ચિંતા ટળી.

હવે ગંગા વૃદ્ધોને બે બાદલી પાણી આપવા માંડી. દસેક દિવસ પછી ત્રણ માણસો દેખાયા, પણ આ વખતે એ ગુસ્સે ન થઇ. એ જાણી ગઇ હતી કે વાત ફેલાઇ છે. લોકોને ખબર છે કે જેને નાહવું હોય એણે ગંગાને ઘરે જવું. એ વિચારતી, 'પાણી આપવામાં ખોટુંય શું છે? મારે કામ થોડું વધે છે, પણ સામે થોડા માણસોને લાભ થાય છે ને... આમે રાંધવા પછી સૂવા સિવાય મારે કામેય શું હોય છે. ખાલી અડધા કલાકની મારી વધારાની મહેનતથી કેટલાય લોકોને ફાયદો થશે, મને આશીર્વાદ મળશે એ નફામાં...' આ વખતે એણે પૂછયા-કીધા વગર જ ત્રણ બાલદી પાણી આપ્યું.

એ સાવ સાચી હતી. ગામમાં સમાચાર વાયુવેગે વહેતા થયા હતા કે નાહવા માટે ગંગા મફતમાં પાણી આપે છે. એના કેટલાક લાભાર્થીઓ મધ્યમવયના અને સમક્ષ હતા, એટલે પાણી એ ભરી આપતા. ગામના એવા લોકો જે પોતે આવી સેવા ન કરી શકતા એ ગંગાને રોજની એક બાદલી પાણી આપવા લાગ્યા.

હવે ગંગા પાસે પાણીને બદલે એ ભરવામાં વાસણ ખૂટવા લાગ્યા. તરત જ કોઇ ભલા માણસે એને મોટું પીપ આપ્યું, તો લાકડાં લેવા જતાં લોકો અવારનવાર એની ઝૂંપડી આગળ લાકડાંનો એકાદો ભારો મૂકવા લાગ્યા, જેથી ગંગાને એ ખપમાં આવે.

ગંગા પાણી કે લાકડાં લાવનાર કોઇને કાંઇ કહેતી કે પૂછતી નહીં. શાંતિથી પોતાનું કામ કર્યે જતી.

થોડા મહિના પછી નાહવા માટે સ્ત્રીઓ પણ આવવા લાગી. ગંગાએ નાળિયેરીના પાનથી વંડી જેવું બનાવીને એમના માટે જુદી વ્યવસ્થા ઊભી કરી. દિવસે એ ખેતરમાં મજૂરી કરતી ને સાંજે આ 'સ્નાનસેવા'. હવે માણસો ધીમે-ધીમે વધવા લાગ્યા. પહેલાં ત્રીસ ને પછી ચાલીશ પહોંચ્યા.

આ બાજુ ઋતુ બદલી. ઉનાળાએ રજા લીધીને ચોમાસાએ હાજરી પુરાવી, ને સાથે લાવ્યું થોડી ઠંડક, હવે નાહવા માટે ગંગાએ વધારે ગરમ પાણી આપવાની જરૂર ઊભી થઇ.

ગંગા માટે જીવવાનું એક પ્રયોજન હતું, એટલે હવે જીવનની એક રફતાર પણ... સવારે ઊઠીને એ કામે જતી, સાંજ પડ્યે પાછી આવીને પાણીનો જથ્થો તપાસી લેતી, ઓછું લાગે તો જઇને ભરી આવતી. લાકડાં તો હંમેશા એની પાસે ખૂટ્યાં ન ખૂટે એટલાં રહેતાં.

હું જયારે એને મળી ત્યારે આભી જ થઇ ગઇ. આવી સેવા ને લોકો સાવ અજાણ...! પણ ગંગા એ બાબતે કોઇ જાહેરાત કરતા નહોતી માંગતી, 'હું આ કરું છું, કારણ કે એમ કરવું મને ગમે છે. આના મારફતે જેની પાસે જીવનમાં કાંઇ નથી, એવા મારા જેવા કેટલાય લોકોની સેવા કરવાનો મને મોકો મળ્યો. કોઇની મદદ કરવા ઘણા પૈસા નથી જોઇતા. હુંય કયાં આમાં કોઇ ખર્ચો કરું છું? આવા ધૂળિયા પ્રદેશમાં ચામડીના દર્દો બહુ સામાન્ય છે, એટલે '.... કરવાથી રોજનું એક સ્નાન, ન થવું પડે ડોકટરથી પરેશાન...!' પોતાની આ તુકબંદીના પ્રયત્ન ઉપર પોતે જ હસી પડી.'

થોડી વાર ઉત્સાહમાં આવી જઇને મેં કહ્યું, 'ગંગા હું તને નાહવાના સાબુ અને સો ટુવાલ ભેટ આપીશ, ને તું એ બધાને ભેટમાં આપી દેજે. અમારા આ ઔષધીવાળા સાબુ એમને ફાયદો પણ કરશે.'

મને એમ હતું કે ખુશીથી ઊછળી પડશે, પણ એવું કાંઇ ન બન્યું, 'બહેન આજની તારીખમાંય હું મારી ઝૂંડપી બંધ નથી કરતી. લોકો મારું કામ જાણે છે, ને એમને ઉગે ત્યારે મદદ કરતાં રહે છે. જે ઘડીએ મને તમે સાબુ ને ટુવાલ આપશો, તે ઘડીથી મારે તાળા-ચાવી રાખવા પડશે. સાબુ તો સમયે ખૂટી જશે એટલે લોકો વધુ માગશે. કોઇ તો વળી બીજી જાતના સાબુની માગણીય કરે ને જેવા ટુવાલ ફાટશે એટલે એ બદલવા કહેશે. એ વખતે આ બધું મારી પાસે ન હોવાથી હું નહીં આપું, લોકો માનશે કે મેં તે સંતાડી રાખ્યું છે. હું મારી હદમાં રહીને આ કામ કરવા માંગુ છું. તમે જો સાબુ ને ટુવાલ આપવા માંગતો હો તો તમારે હાથે જ આપી જાઓ. મને એમાં કોઇ વાંધો નથી...'

ગંગા મને મારાથી વધુ સમજદાર લાગી. મેં દિલથી એની વાત સ્વીકારી એ જ ખરી હતી. પૈસા કયારેય એકલા નથી આવતા, પૂંછડે વળગે છે અપેક્ષાઓ અને એ વિખેરી નાખે છે સમાજસેવાના નાજુક તાણાવાણાને....

અચાનક મારા મનમાં જાણે સરવાળી ફૂટી - ગંગાની. હિમાલયમાંથી નીકળતી એ નદી... માનો દરજ્જો આપ્યો છે આપણે... એની એક ડૂબકી માત્ર આપણાં પાપ ટાળે છે, દૂર કરે છે શરીરના અસંખ્ય રોગો... એટલે જ તો વારાણસી, હરિદ્વાર અને ઋષિકેશના ઘાટ આટલા પ્રખ્યાત છે. ગંગાના આ કાર્યને જોઇને મનને એટલી તો શાતા વળી કે થયું, આ તો એથીય અદકેરો ઘાટ...!